# સોનાની આયાતમાં નોંધપાત્ર ઘટાડો

## રોકાણકાર સાઈડલાઈન થતાં અથડાતાં સોના-ચાંદી

અમારા પ્રતિનિધિ તરફથી

મુંબઈ, તા. ૪ : સરકારે મૂકેલાં સખત આયાત નિયંત્રણો પછી જૂનમાં સોનાની આયાત મે, ૨૦૧૩ની ૧૬૨ ટનથી ઘટીને માત્ર ૩૦થી ૩૫ ટન થવા સાથે જ ભારતમાં ફિઝિકલ સોનાની સ્પોટ ડિલિવરી પ્રીમિયમમાં વધારો થવાની પૂરી શક્યતા છે. ઝવેરી બજારમાં સ્પોટ ડિલિવરી પ્રીમિયમ ૧૦ ગ્રામ દીઠ રૂા. ૪૦થી ૫૦ બોલાયાં હતાં. શનિ કે સોમવારની ડિલિવરીનો સોનાનો ભાવ રૂા. ૨૬,૩૦૦ બોલાયો હતો. જો તત્કાળ ડિલિવરી જોઈતી હોય તો રૂા. ૨૬,૩૪૦ ચૂકવવાની તૈયારી રાખવી પડે.

બોમ્બે બુલિયન એસોસિયેશનના ભૂતપૂર્વ પ્રમુખ અને રિદ્ધિ સિદ્ધિ બુલિયનના ચૅરમૅન પૃથ્વીરાજ કોઠારીએ કહ્યું હતું કે જો લંડન બુલિયન મર્ચન્ટ્સ એસોસિયેશનના ફિક્સિંગ ભાવને આધારે જોઈએ તો ભારતીય બજારમાં ૧૦ ગ્રામ દીઠ રૂા. ૨૪૦ પ્રીમિયમ પેટે ચૂકવવા પડે છે. તાજેતરમાં આયાતકાર બૅન્કો પ્રતિ ઔંસ (૩૧.૧૦૩૫ ગ્રામ) ૬થી ૭ ડૉલર પ્રીમિયમ પેટે લઈ રહી છે. તેમાં ૮ ટકા આયાત જકાત પેટે રૂા. ૧૯૫ અને વૅટ તથા અન્ય વેરા પેટે રૂા. ૩૦ અને બુલિયન પ્રીમિયમ નફો, ડૉલર સાથે નબળા પડતા રૂપિયાનું રિસ્ક પ્રીમિયમ અને વ્યાજખર્ચ મળી રૂા. ૪૦નું પ્રીમિયમ ઉમેરાય છે.

મેસર્સ મેઘાજી વનેચંદના પાર્ટનર અનીલ સંઘવીએ કહ્યું હતું કે એપ્રિલ-મે મહિનામાં આવા કોઈ પ્રીમિયમ ન હતાં. ક્યારેક સતત ઊંચે જતા જાગતિક ભાવ અને બજારમાં ફરતા માલના વધુ પડતા પુરવઠાને કારણે



બૅન્કના ભાવ કરતાં બજારમાં રૂા. ૧૦થી ૨૦ના ડિસ્કાઉન્ટથી સોનું મળી જતું હતું. તેમણે કહ્યું હતું કે જો આગામી મહિનાઓમાં ધારણા પ્રમાણે આયાતમાં વધુ ઘટાડો નોંધાશે કે આજ ધોરણે આયાત ચાલુ રહેશે તો આ પ્રીમિયમમાં વૃદ્ધિ અનિવાર્ય થઈ જશે. આગામી રમજાન ઈદ, લગ્નસરા અને દીવાળીમાં અહીં જાગતિક બજાર કરતાં વધુ ઊંચા ભાવ બોલાય તેવી શક્યતા છે.

બુલિયન એનાલિસ્ટ ભાર્ગવ વૈદ્યએ કહ્યું હતું કે મેની તુલનાએ જૂનમાં આયાત નિશ્ચિતપણે ઘટી છે, પરંતુ સ્થાનિક બજારમાં સોનાના ભાવ, નબળા રૂપિયાને કારણે ઘટ્યા નહીં હોવાથી લોકો વધુ ભાવઘટાડાની રાહ જોઈ રહ્યા છે. જુલાઈ અને ઑગસ્ટ મહિનામાં પણ આયાત ઘટવાની શક્યતા નકારાતી નથી. આ જોતા બજારમાં ફરતા માલની અછત, ડૉલર સામે રૂપિયાની નબળાઈ અને સરકારી નીતિઓમાં બદલાવના રિસ્કમાં પણ ગ્રાહકોએ સોનાની ફિઝિકલ ખરીદી પર પ્રીમિયમ ચૂકવવાની તૈયારી રાખવી પડશે.

સોના-ચાંદી બજાર આજે ઝમક વગરની હતી. અમેરિકન બજાર ઈન્ડિપેન્ડન્સ ડે નિમિત્તે બંધ રહેનાર હોઈ એશિયન અને યુરોપિયન બજારોમાં સોદામાં સાવચેતી હતી. અમેરિકામાં કેટલી રોજગારીનું નવસર્જન થયું તેના આંકડા શુક્રવારે જાહેર થનાર હોઈ રોકાણકાર પણ સાઈડલાઈન થયો હતો, પરિણામે ભાવ સાંકડી વધઘટે અથડાઈ ગયા હતા. સોનું આરંભિક સુધારા પછી ૫.૩૦ ડૉલર ઘટી ૧૨૪૮.૭૫ ડૉલર અને ચાંદી ૧૯.૮૮ ડૉલરની ઊંચાઈએ ગયા પછી ૧૮ સેન્ટના ઘટાડે ૧૯.૫૪ ડૉલર રહી હતી.